નમો અરીહંતાણું

શ્રી જૈન

નવીન ગાયન સંગ્રહ.

જૈન બંધુઓને માટે

ભાગ ૧

રચનાર

માસ્તર ઓઘડલાલ હલુભાઈ

પ્રાંતીજ ધર્મ જીન મંડળીના માસ્તર

છપાવી પ્રસિદ્ધ કરનાર

પ્રાંતીજ ધર્મ જીન મંડળી

આવૃતિ ૧ લી   પ્રત ૧૦૦૦

સંવત ૧૯૫૫   સને ૧૮૯૯

અમદાવાદ

સિવિલ ઇસ્પીતાલ સામે શેઠ. પાનાભાઇની
વાડીના મેડા ઉપર વિશ્વેશ્વર પ્રેસમાં
ઇશ્વરદાસ જેકણદાસે છાપ્યા

કિંમત રૂ. ૦—૨—૦

પ્રસ્તાવના.

આ ચોપડી બાહાર પાડવાનું કારણ એ છે જે આપણી ઉંચ ગ્નાતીના બાળકો પોતાની વિદ્યા ભણવાને વખતે નાની વયમાં વિદ્યાભ્યાસ નહીં કરતાં ગાવા બજાવાના શોખમાં લીન થઇ પોતાના વિદ્યાભ્યાસમાં ખામી લગાડે છે અને તે ગાવા બજાવાના શોખને લીધે નાટકનાં ગાયનો અને નાટકની રચાએલી ચોપડીઓ એમજ બીજી કેટલીક હલકી જાતનાં ગાયનો ગાય ને ચોપડીઓ વાંચે ને પોતાની લઘુ વયમાં પોતાના મા બાપને ને પોતાના ઉંચ કુળને એબ લગાડેછે તેમ કુછંદના ગાયનો ગાઇ પોતાના આત્મને મલીન કરે છે અને ધર્મનો હેતુ એક બાજુ ઉપર મુકી અનાચાર સેવે છે તેમ નહી થાવા તથા પોતાના આત્મનું હીત થવાને પોતાના ગાવા બજાવાનો શોખ પુરો થવા તેમજ ધર્મની વૃદ્ધિ થવાને અર્થે હાલના નાટકોમાં ગવાતા રાગ રાગણીઓ તેમજ ઇગ્રેજી તરજોથી શ્રી જીનેશ્વર ભગવંતના સ્તવનો રચી આ લઘુ પુસ્તક બાહાર પાડયું છે તેમાં કંઇપણ દ્રષ્ટી દોશથી અથવા મતી મંદતાથી ભુલચુક હોય તે સુધારી વાંચવા તસ્દી લેશો.

લી૦ સેવક.

માસ્તર સા. ઓધડભાઇ હલુભાઇ.

પ્રાંતીજ ધર્મજીન મંડળીના માસ્તર

રહેનાર ચુડા.

અર્પણ પત્રીકા.

સા. મણીલાલ ત્રીકમદાસ

આપે મને તન મન અને ધનથી જે મદદ આપી છે તેમજ મને નાટક કંપનીના છંદથી મુક્ત કરી આ ધર્મના માર્ગમાં જોડી શ્રી પ્રાંતીજ ધર્મ જીન મંડળીના શિક્ષક તરીકે જે ઉત્તેજન આપ્યું છે તેના ઉપકારની લાગણીથી આ લઘુ ગ્રંથ આપની પવીત્ર સેવામાં અર્પણ કરૂં છું તે સ્વીકારશોજી.

રહીસ ચુડા.
હાલ
પ્રાંતીજ.

હું છું
આપનો
સેવક.
સા. ઓધડલાલ હલ્લુભાઇ.
પ્રાં. ધ. મં. માસ્તર.

श्लोक.

सार्दुल विक्रडीत

श्रीशांतिजीनराजआजप्रणमे
प्रेमेसभाधर्मनी
देजेतुजगतातख्यातअतिशे
टाळीक्रियाकर्मनी
तुजगुणतुजेगांनतानआजे
करेबाळकोरंगथी
जेथीथायेनाशपासभवना
पामेमोक्षानंदथी.१

ચોપડી રખડતી મુકી અસાતના કરવી નહી.

નવીન જૈન ગાયન સંગ્રહ.

મંગળા ચરણ.

મંગળ તમારૂં (એ રાગ)

શ્રવણ તમારૂં રટણ તમારૂં તમારૂં સાંતીનાથ નામ; શ્રવણ.
ભકતોની રક્ષા કરો છો સદાયે, નવખંડ તમારૂં તો નામ. શ્રવણ.
તરણ તારણ છો ભગવંતા, માટે કરજો સહાય; શ્રવણ.
સેવક સઘળા સ્મરણ કરે છે, લળી લળી લાગે તમ પાય. શ્રવણ.

૨

દયાળુ દેવ દેજે દોષ મારા (એ રાગ) ચિત્રસેન

અરીહંત દેવ કરૂં હું સેવ, રાખો સુ ટેવ તારી. સહાય (૩)
માગી માફ કરૂં શરૂઆત, સ્તુતી આ તારી. સહાય (૩) ટીપ
કીધા કુછંદ ઘણા એક ફંદ, ન કાંઇ દીલ વિચારી. સહાય (૪)
પાપ અમાપ કાપી બાપ, દેજે તું નીવારી. સહાય (૩) ટીપ
માટે તું કરજે સહાય, સુખ સદાય દુઃખ આ નીવારી. સહાય (૩)
જીન મંડળી જય જયકાર, દેજે તું સુધારી. સહાય (૩) ટીપ
માનું પાડ ક્રોડ આ વાર, લક્ષ ચોરાશી. સહાય (૩)
તેના દુઃખ તું નીવાર, કર સુખ રાસી. સહાય (૩) ટીપ

૩

કહેતો રાજા સાથે હું આવું (એ રાગ)

અવસર ઓળખ્યો નવ તેં પ્રાણી, જીંદગી થાશેરે ધુળધાણી. અવસર
આ ભવ ઉત્તમ અવતાર દીધો છે, જૈન તણો સુમાર્ગ કીધો છે, અ.

ચેત અચેત હવે જાશે હારી, માટે શોધ કરે તું સારી. અવસર.
ભુલી તું ભવને શીદને ચાહે છે, આજ કાલ કરતાં મૃત્યું આવે છે. અ.
પાય પડે તું ધર્મ નાથને, તેતો સુધારશે સર્વ કાજને. અવસર.

૪

વાલીડા ન કહું તો શું કહું (એ રાગ) ચિત્રસેન.

પુજા તણા ફળ પામીએ, પુજનથી પાપ જાય છે;
હાથે તે સાથે થશે, કુકર્મ તે દુર જસે.
છો દેવ દયાળુ દાતા, ત્રાતા ન કહું તો શું કહું. પુજા.
છે કઠણ સમો કળયુગનો, માટે ધર્મ પાળો સૌ જનો;
છે મહાનાથ મોટો ધણી, ધણીયાંતો ન થાઉં તો સું થઉં. પુજા.

૫

રૂડા દીસો છો રાજવીરે (એ રાગ) ચિત્રસેન.

ધર્મ તણી ધુમ છે અહીંરે, અનોપમ આંગાતો આજે થઇ;
માંહે કેસર કસ્તુરીનો નહી પારરે. અનોપમ.
ધર્મ ધરો કર્મ દુર કરીને, ભાવ થકી ભગવાન ભજીરે;
ઉતરો ભવજળ પાર, પાપથી મુકત થઇને. અનોપમ.

સાખી.

આજે દીવસ આનંદનો, અહરનીસ આવું થાઓ;
સેવક સઘળા આ સમે, કરે પ્રાર્થના સુભ થાઓ. અનોપમ.

૬

રાગ માલ કોસ.

પ્રભુ તમ પાયે લાગું, મોક્ષ મતીને હું માગું;
કાળ દંડ રહે આઘું, એવું સદાયે માગું.

શું ઉપમા દઉં તને, જાઉં વારી બલીહારી; પ્રભુ તમ પાયે લાગું.

૭

પ્રભુ તોરે નામકી લહે મોહે લાગી (એ રાગ)

મહાવીર જૈન મારગને તેં સુધાર્યો,
કાઢયો અનેક તરેહનો કુધારો. મહાવીર.
મારગ મોટો જાણું ન છોટો, ખોટો સ્વભાવ અમારો;
દોષ અમારા તમે તો નીવારો, પાલવ પકડયો તારો. મહાવીર.
પાપ છે મોટું ધર્મ છે છોટું, તોપણ તમે તો ઉગારો;
ભવસાગરથી તમે પ્રભુ તારો, કરી ઉપકાર હજારો. મહાવીર.

૮

સખી સુખકર આ સંસાર (એ રાગ)

મહેર કરતું મુજપર મહારાજ, દોષ દે તું ટાળી;
રાખે શરમ ભરમ મહારાજ, રહેવું સંભાળી.
અનેક અવઘડતા છે ભવ ભરતા, આ ભવજળની માંહેજો.
રક્ષણ કરો પારશ્વ પ્રભુ મારૂં, ઉતરે બેડો પાર. દોષ.
તુજ ચરણે પ્રભુ જે કોઇ ચડીઆ, લડીઆ યમની સાથજો;
અણુભે પદ પામ્યા પ્રભુ તારૂં, જાણે સકળ સમાજ. દોષ.
રત્ન જડીત મુગટ પ્રભુ તારો, બાહેં બાજુબંધ શોભે છે સારો;
દૃષ્ટને છુટે છે કંપારો, હીરાજડીત્ર છે હાર તારો;
લાગે અમોને પ્યારો. દોષ.

૯

સત્ય ના તજો પ્યારા આર્ય બંધુઓ (એ રાગ)

મહેર કરો મારી ઉપર મલ્લીનાથ, ભક્તિનો છે બહુ ભાવ. મહેર.

તુમ લીલા નવ વરણવી જાએ, તુમ ગતી નવ કળી શકાએ. મહેર.
તુ મ ગ તી ન વ ક ળી શ કા એ. મહેર.

૧૦

શાહે વહાલા તું પ્યારા (એ રાગ)

પાએ પડું હું પ્યારા, સુખ શાંતીના હો સજનાર;
ભક્તિ ભાવે જે કરનાર, તેને તું છે મોક્ષ ગતી દેનાર;
માટે તું કરજે સહાય. પાએ.
સૌથી મોટો તું સજનાર, પાપ અમારા તું હરનાર
દુઃખ હમારાં દુર કરનાર, તું દાતા, તું ભ્રાતા, ગુણ ગાતા.
સુખ શાતા, કર જ્યાં ત્યાં, સૌને સારા.
માટે તું દુઃખ હર, સુખ કર, જર ભર, ધર ધર, નરવર, દુરકર
કલેશ અમારા. પાએ.

૧૧

સખી વીરહી જનનાં પીડ (એ રાગ)

ધર્મનાથ ધર્મના સ્થંભ, સૌ જુગ જાણે છે;
છે મનહર મુરતી આપ, ચિત્તને તાણે છે.
છો ઉત્તર દીશા સનમુખ, જૈન પ્રમાણે છે,
છો મુકતી તણા તમ ભુપ, ભક્ત વખાણે છે.

સાખી.

સુંદર છબી મુજ મન વશી, કશી ન ખામી રૂપ;
જોવા જૈન મંડળ મળ્યું, દીસો શશી સમ ભુપ.
છો મોક્ષ તણા દાતાર, ભવ ઉધારણ છો;

છો ઉદાર દીલના આપ, દુઃખ નીવારણ છો.

૧૨

સૌ વિચારી હાથે લીઓ તાળી (એ રાગ) આપ

નમું નમું નમું હું આવારી. જાઉં જાઉં તારાપર વારી.
મનહર મુરતી છે પ્રભુ તારી, લાગે અતિસે એ પ્યારી; (૨) જાઉં જાઉં.
નામ રટીયે નીશદીન તારૂં, લેતું અમોને ઉગારી. (૨) જાઉં જાઉં.
લક્ષ ચોરાશી ફેરા ફરીને, શરણે આવ્યો હું આ વારી; (૨) જાઉં જાઉં.
દાસ ઓધડ કહે છે કરજોડી, દીઓ મંડળીને સુધારી. (૨) જાઉં જાઉં.
પ્રાંતીજ ધર્મ જીન મંડળીની પ્રભુ આશા, પુરી કરો હામ બારી. (૨)
જાઉં જાઉં.

૧૩

લખી પત્ર પ્રેમે પાઠવું (એ રાગ)

આવો આવો આદેશ્વર અલબેલા
શુધએ. (૨) અમે સો હર્ષ ઘેલા. આવો.

સાખી.

માથે મુગટ મનહર ધર્યો, દીસે અતિસે રૂપ.
શોભે શશી સમ સો કહે, દીસો છો મોટા ભુપરે. આવો.
બાંહે બાજુબંધ ઓપતા, શોભતા સોળ શણુગાર.
શોશ નામી વંદીએ અમે, દીસે ન ખામી લગારરે. આવો.

૧૪

(ભૈરવ) જગાકે જોબન લુંટા (એ રાગ)

પ્રભાતે ઉઠીને પુજન કરવું, પુજન કરવું પ્રભુ ધ્યાન ધરવું. પ્રભાતે.
પ્રથમ સ્નાન પોતે કરવું, પછી શુદ્ધ મનથી તો ઠરવું. પ્રભાતે.

ધુપ દીવો દેવ આગળ કરવું, કેસર ચંદન દેવને ધરવું. પ્રભાતે.
નીત્ય નીમ તેટલું કરવું, પાંચ માળા સુધી સ્થીર થવું. પ્રભાતે.

૧૫

(ખંભાતી.)

માથાના મુગટ મલ્લીનાથ મમ પ્યારારે;
મલ્લીનાથ પ્યારા, મારા કાર્ય સર્વ સાર્યારે. માથાના.
પાપ થકી મુક્ત મને કીધો, જૈન તણો મારગ દીધો સીધો;
પ્રાંતીજ મંડળી વંદે પ્રભુ તમને, જય જયકાર થનારોરે. માથાના.

૧૬

પુનમચાંદની (એ રાગ)

આવો સભા જનો જીન ગુણ ગાઇએ આપણેરે;
નિજ હૈડે ધરી ઉલટ અપાર, પ્રિતે નાચો રાચો શ્રીજીન પાસે આ સમેરે.

સાખી.

મનહર મુરતી મન ગમી, ચિત થયું લય લીન;
પુન્ય ઉદય જાગ્યો હવે, દીસે સુખી આ દીન
પ્રીતે હરખી નીરખો મુરતીને સૌ પ્રેમથીરે,
જેથી કુમતી કુતર્ક દુર થાય. પ્રીતે.

સાખી.

શું મંડપ આ શોભતો, દીસે ઝાકઝમાળ.
હાંડીઓ ઓપી રહી, તખતાનો નહી પાર;
આવા મંડપમાં શ્રી જીનના ગુણ ગાવતાંરે.
મીથ્યા તીમીર આપણું સૌ જાય. પ્રિતે.

સાખી.

પુણ્ય ભક્તિ ભાવે કરી, સીંચો સમકીત છોડ;
ઉતમ પુષ્પ ચડાવીવે, સુમતી સુમન જોડ.
જેથી ભવો ભવ દુ:ખ જાય આપણુંરેઃ
પામો મુગતી સુગતી સૌ સે'લ. પ્રિતે.

સાખી.

પ્રાંતીજ મંડળી આ સમે, ગાવે જીન તુજ પાસ;
વાંછીત ફળને આપજે, જાણી સઘળા દાસ.
મણીલાલ નીત્ય નમે તુજને સ્નેહધારે;
દેજે સાસન તુજ ભવો ભવ દેવ. પ્રિતે.

૧૭

માની જા નારીરે તું ધારી જો (એ રાગ) ચીત્રસેન

નમી તુજ ચરણે હું માગું છું ખાસરે. (૪) નમી.
તુજ ચરણુંમા દેજે મુજ વાસ;
કર ઉપકારો હું છું તારો દાસ. નમી.

૧૮

(નમન કરૂં માતું એ રાગ)

પુજોને ધર્મ કુમાર, ભવીયાં, પુજોને ધર્મ કુમાર;
નવણુ વીલેપન કુસુમે કરીને, જળ ચંદન મનોહાર. ભવીયાં.
ધુપ દીપ નૈવેદ ધરીને, અવિચળ માગો સુખ વાસ. ભવીયાં.
આજ સમાજ અતી ઉમંગે, ગુંથે ગુણનો રાસ. ભવીયાં.
તુમ મંડળી તુમ પાસે માગે, ભવોભવ પુરજો આસ. ભવીયા.

૧૯

નમું પદે ગીરજાપતીને (એ રાગ)

પાએ પડુ સુમતી નાથને;
ભક્ત ઉધારણ નામ તમારૂં, ભક્ત જનોને પ્યારૂં.
કૃપા કરી દયા ધરી તારો સેવકને. પાએ.
શીશ મુગટ ધરી અંગ. શોભે આંગી બહુ રંગ;
શોહે સેવક સંગ, ધરે અતી ઉમંગ.
રૂષી મુની સો જપ તપ કરતા, પ્રેમ ધરીને વંદે;
સાહે કરી વારે ચડી આપો સન્મતીને. પાએ.
માતા છે મંગળા, મેધરથ છે પીતા:
સોને આપો સુખ શાંતા, ભાગો કુમતી ભ્રાંતા.
પ્રાંતીજ મંડળી વીનતી કરે છે, દો કરજોડી આજે;
કરો ગ્યાની બાળ જાણી તારો આ ભવમેં. પાએ.

૨૦

(ભેરવી) દુઃખકે દીઆ જસે (એ રાગ.) ચિત્રસેન

સોભાગ્ય જાગશે, તુજ ભક્તિ જો કરે;
એક મનથી અતિ શ્રમથી, શુદ્ધ તનથી.
જો થાએ, દુઃખ જાએ, સોભાગ્ય;
તુજ ચરણે જો નમે, કાર્ય સફળ થાએ;
મનમાંહે, જો ચાહે, સો થાએ;
તુજ ભક્તિ તો વડે. સોભાગ્ય.

૨૧

તીલાનો. (આત્મારામજી)

નાચત શક શકી, હેરી માઇ નાચત શક શકી;
છમ છમ છમ છમ છનનનનનનન. (૨)   નાચત.
શ્રી -હી ધૃતિ કૃતિ બુદ્ધિ ઔર લક્ષ્મી;
છપન કુમારી કરે માત જીકી સેવના;
નાભીરાય રાજા કુળ કમળ ભાનું તુમ.
રૂષભદેવજીકે સરનનનનનનન.   નાચત.
તંબુર મંજીર વીના, ઝાંઝ મોરજંગ ચંગ;
કુંકુંમ બજાવે ઔર, ગાવે સબ રાગ રંગ
એક એક શક તીહાં, એક એક સકી સંગ;
બાજત મૃદંગ ગત, તનનનનનનન.   નાચત.
હુકમ પાએ ધનપત ગજરથ લાએ;
એક શત મુખપત, મુખ વસ દંગ છાએ.
દંત દંત મોહનાકે, રંગના સમુહ નાચે
બાજત ઘુઘરૂં પગ, ઝનનનનનનન.   નાચત.
જીનકુ લેન શચી, ગએ જીન માતા પાસે;
જાયો જીન જનનીકો, રાચે નિંદ સુખરાસે.
લાયક જીનંદ દીયો, ગોદમે પ્રથમ ઇદ;
બાજત સમીર શુભ, છનનનનનનન.   નાચત.
લાયક જીનંદ ખીર નીરસે નવન કીનો;
સબ દેવા દેવી મીલ, જનમકો લાહો લીનો.
ધન ભાગ જાકે જીન, સમ દેખી હીરાલાલ

બાજત આનંદગત, તનનનનનનન. નાચત.

૨૧

દીપક દીપતોરે લોકો લોક પ્રમાણ (એ રાગ.)

આવો બાળકોરે, જીન ગુણ ગુંથવા રાસ;
ગુંથી આણંદીએરે, પ્રેમે સકળ સમાજ.

સાખી.

ગુંથીશું જીન આગળે, રાસ અતીશય રમ્ય;
સભા સૌ જોતાં કહે, જીન ગુણ છે ધન્ય ધન્ય.
ધન્ય ધન્ય પ્રભુજીરે, ત્રીભોવન ઉપગારી;
મહેર કરી પ્રભુ લેજોરે, બાળકોને તારી.
અઘ ઓઘ નીવારણરે, સાહેબ તું મળીઓ;
મહાવીર જીન મારોરે, પ્રેમે હૃદયે જડીઓ,

સાખી

તાલ સુર સાથે મળી, પ્રેમે સૌ જન સાથ;
ઝાંઝર પગમાં રણઝણે, નરઘાં સાથે હાથ.
પ્રભુ કાને કુંડળ અતિ શોભતાંરે લોલ, બાંહે બાજુબંધ ઓપતાંરે લોલ
જુઓ પુષ્પ તણી આ શી ઘટારે લોલ, આંગી બનીછે બહુ છટારેલોલ.

સાખી.

છંટા સાથે સૌતો રમો, રાસ સુશોભીત રંગ;
અંગ ઉમંગ વધ્યો. ઘણો, ભજવાને ભગવંત.
ભજવાને ભગવંત ચાલો જઇએરે, પુજીને શ્રી અરીહંત સુખીઆ થઇએરે.
એ ભવજળ તારણ નાથ પ્રેમે પુજીરે, માગોને મોક્ષાવાસ પાપથી ધ્રુજીરે.

સાખી

આજે હર્ષ વધ્યો ઘણો, જીન ગુણ ગુથતાં રાસ;
આણંદ છે સૌ ભાઇને, કુમતીને મન લાજ.
ફરીએ ફુદડીરે, આજે સકળ સમાજ;
લીધી તાળીઓરે આપી સામા સામી હાથ.
સુમતી આપશોરે, શ્રી સુમતી જીનરાજ;
કર્મને કાપશોરે, નમે આજે ધર્મ સમાજ.

૨૩

લાવણી.

ધર્મ જીણંદા છો સુખકંદા, કષ્ટ અમારાં કાપોને;
કર્મ મળ સવી ચૂર્ણ કરીને, મોક્ષ સુખ મમ આપોને.
ત્રીભોવન નાયક શીવ સુખદાયક, ત્રાયક લાયક મળીઆછો;
શરણ તમારૂં જે જન માગે, તેને જલદી ફળીઆ છો.
વિનતી અમારીને ઉર ધારી, દેજો પ્રભુજી દરીશન દાન;
જગ જયવંતા, છો ગુણવંતા, બાળ નમેછે આપ તમામ.
અમો આ વખતે સેવક સઘળા, કરીએ છે તમ ગુણનું પાન;
આ મંડળી પ્રભુ સહાય તમારી, પામો દીન દીન ચડતે વાન.

૨૪

વંદન કરીએ પ્રભૂ તુજ ચરણમાં અમે;
સુખને શાંતી કીધી છે, પ્રભૂ આજ આ સમે. વંદન.
પ્યારા છો પારશ્વજીણંદ, તમને હું નમું;
બાળ આપ જાણી મુને મહેર કરો વીભૂ.
પ્રીતે રીતે ચિતે.
ધરી મન હામ, નમીએ તમામ, દાસ સૌ અમે. વંદન.

મણીલાલની વિનતી પ્રભુ ઉર ધરો,
ધર્મ જીન મંડળીને સહાયતા કરો.
કાપો—પાપો—આપો.
મુકતી મને, શાંતી તને, જાણી બાળને વંદન

૨૫

દશા આ શી થઈ મારી એ રાગ.

દીસો જીનરાજ જયકારી, નમે આ સમાજ અતા ભારી;

સાખી.

અષ્ટ કર્મ કેડે પડયાં, મુકત કરો જીનરાય;
કાપી પાપ અમાપ આપ, તુમ પદવી આ સમાજ.
નમે તુજને વારી વારી, સમાજ આ અતી ભારી;

સાખી.

જીન તુજ મુર્તી મન રમી, ગમી અતિ ચિત માંય;
આ સેવકો તારજો, ઝાલીને અમ બાંય.
દેશો આપ મતી સારી, કરીને આપ કૃપા ભારી. દીસો.

સાખી

તુજ મુર્તિ દરશન વિના, નહી સમકીત સુખ સીધ;
મોક્ષ લક્ષ્મી નહી પામશે, તે જીન આગમ રીત.
તેથી નમે બાળ આવારી, લેજો પ્રભુ તું અમ તારી. દીસો.

૨૬

આશા ભોડી.

દિસે મનહર માહાવીર સ્વામી આતો દિસે.

ખરે તાર્યા અનેક ભવ પ્રાણી. આતો દીસે.
અંગ સુશોભીત આંગી બીરાજે;
ખરે મોક્ષ વધુના છો કામી. આતો દીસે.
તુજ મુર્તિ નીરખીને હરખું;
પુરો આસ દાસ નિજ જાણી આતો દીસે.
પ્રાંતિજ મંડળી નમન કરે છે;
રહે સદા શીશ નામી. આતો દીસે.

૨૭

ભુપતી છબી તારી એ રાગ

ધર્મનાથ આંગી તારીરે, કેશરીઆ છબી તારી;
લાગે છે અમને પ્યારી. (૨) ધર્મનાથ.
બેઠા સીંહાશન સોભો છો પ્યારા.
માળા મુકતાની અંગ ધારીરે. (૨) ધર્મનાથ.
કસ્તુરી સમ તમ કિરતી પ્રસરી છે;
હરનીશ સેવા કરૂં સારીરે (૨) ધર્મનાથ.
ધર્મ જીન મંડળી વિનંતી કરે છે.
તમ પર જાઈએ વારી વારીરે. ધર્મનાથ.

૨૮

રેખતા (મૈયારી)

આહાહાહા વાહ વાહ વાહ વાહ, ધર્મનાથ શણગાર્યા છે;
માથે મુગટ કાને કુંડળ, હીરા જડીત્ર હાર સારા છે. આહાહાહા.
સુખના આળા, દુઃખના દાડા, તેતો તેણે ટાળ્યા છે. આહાહાહા.
ઉતર દીશામાં આપ બીરાજો, ભય ક્રોધ ઉતાર્યા છે. આહાહાહા.

પ્રાંતીજ મંડળી વંદન કરે છે, અમને તેં ઉગાર્યાં છે. અહાહાહા.
સેવક સઘળા નમન કરે છે, આપ અમને અતી પ્યારાછો. અહાહાહા.

૨૯

પામો પ્યારી મનમાની. એ રાગ.

પામ્યો પામ્યો ઉત્તમ અવતાર, નવ ભજ્યા જૈન કીરતાર;
હવે જાશે (૨) મીથ્યા અવતાર.
માટે ચેત (૨) આવાર. નવ ભજ્યા.
તુ શાને (૨) કરે મારૂં તારૂં
આ ભવમાં (૨) નથી કોઇ તારૂ. નવ ભજ્યા.

૩૦

રોયા પીટડીઆરે તારો ઓસડો કુટુ એ રાગ (ભૈયારી)

રૂડા રીખવદેવરે, તમને પાએ પડું નીત નીત (૨)
તાર મને દાતા તુંતો તાર મને દાતા.
શંભા શાન્તિનાથરે. તમને નમું હું રૂડી રીત.
કરી હું તમશું પ્રોત દાતા કરી હું તમશું પ્રાત.
પ્રાંતીજ મંડળીરે માગે તમ પાસે સુરીત;
આપો ભકિત મને સુચીત દાતા ભકિત મને સુચીત.

૩૧

મેંતો સેહેજાદેકું (એ રાગ)

તુંજ કૃપા વિના સું થાએ નાથ;
નિત્ય લાગુ પાય, તું પકડ હાથ. તુજ.
જીંદગી મારી જાસે સારી;
ચરણ ગ્રહ્યા તારાં હરી. તુજ.

દુનીયા દારી લાગે ખારી;
સારી મને ભક્તિ તારી. દુજ.

૩૨

બીભાસ.

રીઝીને રીખવદેવ સ્વામી. ભકત ભીડ ભાગો. (૨)
શરણે તમારે સ્વામી, રયો હું અંતરજામી;
કહુ શીશ નામો નામી, પાર પાડો મારી ખામી. રીઝી.
સમો છે કઠણ સ્વામી, ભરો છો અમારી હામી;
દુનીયા આ દીવાની, સર્વ તે તો છે ફાની. રીઝી.

૩૩

મગ ચલત કાનસેં અટકી (એ રાગ)

પાએ પડું પદમ પ્રભુ તમને, રાખો શરણુ દીન જાણી અમને. પાએ.
નેક નજરથી નીરખાંયે, તમને, બચાવો આ ભવ દુઃખ અમને. પાએ.
મનહર મુર્ત્તિ છે. પ્રભુ તારી, સારી અમોને મન ગમતી. પાએ.

૩૪

ડરમાં તુ દીલ સાથ છોકરા (એ રાગ)

કર્મ નિકંદન દેવ અજીત જીન કર્મ નિકંદન દેવ;
તોરી અહરનીશ કરીએ શેવ. અજીત જીન.
તમો માય જી દીસો કૃપાળુ. નિત તમારી હું પુજા ભણાવું;
ફુલ ગુલાબની આંગી બનાવું, નિત્ય નવી નવી ભાવના ભાવું.
હેત ધરી આપના ગુણ ગાવું.
(આ ભવારણ્યમાં ભુલો પડયો છું માટે તારો;)
છો પ્રભુ દેવાધી દેવ. અજીત જીન.

૩૫

નમન કરૂં માતું (એ રાગ.)

જાણો જગત જંજાળ, બંધુઓ જાણો જગત જંજાળ.
મુકત કરશે મલ્લીનાથજી પ્યારા, પરમ પ્રભુજી દયાળ. બંધુઓ.
માથ્યા માન અપમાન સહીને, રહેવું ભવ જળ માંહ. બંધુઓ.
ભક્તિ તણો ભંડાર ભરીને, પકડે પ્રભુ તમ બાંહ્ય. બંધુઓ.
ધર્મ જીન મંડળી ધ્યાન ધરીને, માગે તમારી સહાય. બંધુઓ.

૩૬

ટેર.

ગોપીચંદ લટકા (એ રાગ)

સુમતિ જીન પુજે, સુગુણ ગતી મતી થાએરે;
સુમતિ જીન સેવા, મોક્ષ મેવા, લેવા હાઅરે. સુમતિ.
તુજ મુર્તી, સુરતી, અતિ નીરખી, હરખી થાઉં આનંદ;
આજ અનોપમ આંગી બનાવી, પામું અતિ સુખ કંદરે. સુમતિ.
ઇંદ્ર ચંદ્ર તુજ સેવા કરવા, ચાહે અતિ ચીત માંહ;
ધન્ય ભાગ્ય સ્વામીજી મારા, દરસને પાપ પલાયરે. સુમતિ.
ધર્મ જીન મંડળી દહન કરવા, કર્મ સબ આવાર;
આવી ઉભો અરજ કરે છે, સ્વામી તુજ દરબારરે. સુમતિ.

૩૭

કયાં ખસીઆ રસીઆ મન વસીઆ. (એ રાગ)

મન રસીઆ વશીઆ, ચિંત્તામણુ છો સાહીબા,
સુખડાં આપો, દુઃખડાં કાપો. (૨)
છે સરણુ પ્રભુ એક તારૂંરે. (૨) મુને તારી લે. મન.
(હે પ્રભુ હું જાણું છું પણ જીવ અહી છે;)

દરસન વીયોગ છે ભારીરે. (૨) મુને દેજોજી. મન.
આંગી રચાવું ભાવના ભાવું, પુજા ભણાવું.
તુમ આણ કદી ઓલંગુ ના. (૨)
પ્રભુ ધર્મ સભાને દેજોરે (૨) દરસન લાભ. મન.

૩૮

કયાંથી આ સંભળાય (એ રાગ)

આંગી મન લોભાય, પ્રભુ તુજ આંગી મન લોભાય;
રત્ન જડીત્ર શીર મુગટ શોહે, મુજ મન મોહે સદાય. પ્રભુ તુજ.
મુક્ત માળાનો હાર શુસોભીત, નીરખીત પાપ કપાય. પ્રભુ તુજ.
ક.ક કુંડળ પ્રભુ કરણે પેખીને, આનંદ ઉર ઉભરાય. પ્રભુ તુજ.
કર કાંડે પ્રભુ કડાં દેખીને, મુજ મન અતિ હરખાય પ્રભુ તુજ.
સર્વાંગે પ્રભુ આંગી નિહાળી, મુજ દુ:ખ દુર પળાય. પ્રભુ તુજ.
જીન મુર્તિ સુરતી અતી નીરખી, હરખી નમે ધર્મસમાજ. પ્રભુ તુજ.
મણીલાલ પ્રીતે પ્રણમી કહે છે, દેજો દરશન સદાય. પ્રભુ તુજ.

૩૯

ભોગ મારા મળ્યા (એ રાગ) રાજયોગી.

પુન્ય મારાં ફળ્યાં આજ ભેટયા ધર્મ જીનરાજને,
દુ:ખ મારા ટળ્યાં, ધર્મ આવી ફળ્યાં; તુમ ચરણુ તો મળ્યાં,
કામ ક્રોધ તો છળ્યાં. પુન્ય.
ધરો દુ:ખ મુજ ઉર કરો પાપ મમ ચુર, કાઢો દુષ્ટ મતી દુર,
રાખો આપની હજુર. પુન્ય.
ટાળો મારો સંતાપ, કરો કર્મ મુજ માફ; માત પાડ મુજ બાપ;
સો આપનો પ્રતાપ. પુન્ય.

૪૦

થયાછોરે (એ રાગ)

થયાછોરે પ્રભુ કુંથુનાથ, તમે સતરમા અરીહંત (૨)
ભવ ભવનાં મુજ દુઃખડાં કાપી, આપો મોક્ષાનંદ;
ભવ પાપો, મુજ કાપો, સુખ આપોઃ. ભકત સ્થાપો.
પ્રભુ નીત નીત પામું દર્સ લાભ, એવું કૃપા કરી આપો. થયાછોરે,
લક્ષ ચોરાસી ફેરા ફરીને, આવ્યો તુજ દરબાર;
ચાહે મારો, કાં ઉગારો, કાર્ય સારો, પ્રભુ તારો
માની રહું હું હજુર; હવે પ્રભુ ચરણ ગ્રહ્યો તારો. થયાછોરે.

૪૧

આજે આનંદ આનંદ ચિત્ત ચાહેરે. (એ રાગ.)

પ્રભુ નીત નીત પુરજો આસતા. (૨)
પ્રાંતીજ મંડળી વીનતી કરેછે, સાંત્તિનાથનું ધ્યાન ધરે છે;
જય કરજો, દુઃખ હરજો, સુખ કરજો આસ પુરજો પુર કરજો પ્ર૦
જૈનભાઇઓ સૌ ધ્યાને ધરજો, ધર્મતણોનો વિજયજ કરજો,
ઉર ધરજો દુર કરજો, કુડ છળજો, ધર્મ ધરજો. શ્રવણ કરજો પ્રભુ.
કહે મણીલાલ હી કરજોડી, કરજો ઈચ્છા પુરણ મોરી;
સહાય કરજો વિઘ્ન હરજો, માફ કરજો, પાપ હરજો ધ્યાન ધરજો. પ્ર.

૪૨

વારી જાઉ વારી જાઉ રાજનપરે (એ રાગ.)

વારી જાઉ વારી જાઉ પ્રભુ પરે.
તનથી મનથી ધનથી આજે;
આ પ ની કી ર તી જા મો. વારી જાઉ.
પ્રાંતીજ જૈન મંડળી વીનવે છે. તેની પુરો આસ;

નમુ નમુ તમને વિભુ આદેશ્વર મોટા પ્રભુ, પાર્શ્વનાથ ધ્યાને ધરજો.
આશ અમારી પૂરી કરજો. જય જય થાઓ. વારી જાઉ.

૪૩

સું નટવર વસંત (એ રાગ)

મારૂ ધર્મ પ્રભુથી, મન લાગી રહ્યું;
લાગી રહ્યું મન લાગી રહ્યું, મારૂ ધર્મ પ્રભુથી મન લાગી રહ્યું.

સાખી.

ધર્મનાથ કૃપા કરી, ઉતારો ભવ પાર;
આવ્યો છું તુજ ચરણુમાં, તુમ વીના કોણુ આધાર.
તાર્યા વીના નહી, ચાલે ઓ નાથજી. મારૂં.

સાખી.

આ લોક પર લોક આ સમે, ભટકયો અનંતી વાર;
છોડાવો તમે નાથજી. જાણીને તુંમદાસ.
આઠ જાતીના કર્મ વીશે, પ્રભુ પડીઓરે;
મેલાવો મારા નાથ, શરણે હું ચડીઓરે. મારૂં.

સાખી.

ખોટી મતી દુર કરી, સુમતી દો જીનરાય;
કેશવલાલની વીનતી, સ્વીકારો મહારાજ.
તાર્યા વીના નહી ચાલે, ઓ નાથજી. મારૂં.

૪૪

આજે આનંદ આનંદ થેઇ થેઇકાર થયો (એ રાગ)

જપો જપો જપો શ્રી જીનરાજ જપો,
કર્મ તાપ તપો, દુઃખ સર્વે ખપો. જપો.
પ્રભુ દેખીને દીલ મગ્ન થયું, દુઃખ સર્વે ગયું;

સુખ સરવે મળ્યું, જય જય જય. જપો.
ધર્મ જીન ધ્યાન ધરો, કુમતી દુર કરો;
સુમતી આપી રહો, જય જય જય. જપો.

૪૫

વૃત સાવીંત્રી વૃત (એ રાગ)

ધ્યારા પ્રભુ પ્રીતે; પાયે પડેરે સો;
મહોમા ધર્મ જીણુંદનો વરણુવો. ધ્યારા.
માથે મુગટ મણી શોભતોરે લોલ;
બાંહે બાજુ બંધ, નવ લખાંરે લોલ.
કાને કુંડળનો ઝખુ કારજો. ધ્યારા.
આંગી નીહાળતાં મન હરેરે લોલ;
તારણુ હાર પ્રભૂ આપ છોરે લોલ.
દર્શન કરીને મન હરખાયજો. ધ્યારા.
વારંવાર અર્જ નીજ બાળકો કરે;
સ્મરણુ તમારૂં વળી ધ્યાનમાં ધરે.
કરો સુખ શાંતીનો ઉપાયજો. ધ્યારા.
પ્રાંતીજ મંડળી પ્રભુ પ્રેમથી નમે;
બાળક સર્વ આવ્યા શરણે અમે,
કુમતી કુતર્કને સંહારજો. ધ્યારા.

૪૬

વીર જીનેશ્વર (એ રાગ)

ધર્મ જીનેશ્વર ધ્યાન ધરી ગાઉં રાસ હું ભારી.
આજ આનંદીત થાઉ સસી સમ મુખડું નીહાળી.
કીટમુગટ રતને જડયોરે લોલ, હાર એકાવળ ઉરે અડયોરે લોલ.

જોઇ આનંદ ઉરે ચડયોરે લોલ, ધ્યાન એકાગ્રહ ચીતે અડયોરે લોલ;
પ્રભુજી તુજ ચરણોમાં રહેવા, હોંશ મુજ મનમાં ઘણીરે લોલ.
પાડો પુરણ ત્રીભુવન તાજકે, દાસ આશા ગણીરે લોલ. ધર્મ જીનેશ્વર.

સાખી.

પ્રભુ કીરતી પ્રસરી રહી, હે જીન તુજ જગ ભાણ;
કર્મ કષ્ટ વીદારીને, દેજો પ્રભુ મુજ જ્ઞાન.
જેથી કુમતી મુજ ભાગશેરે લોલ, સદ્દ સુમતી આવશેરે લોલ;
ભાવે ભકિત નીર્મળ થશેરે લોલ, ભવ રૂપી રોગ દુરે જસેરે લોલ. ધર્મ.

સાખી.

અજર અમર અઘ હર પ્રભુ, નામ અખંડીત એક;
કર નીશ તુજને હું નમું. એ મુજ મન છે ટેક.
જેથી સમકીત મુજ સચવાએ, દેજો જગ ધણીરે લોલ;
માગું સહાય ફરી ફરી તુજકે, પ્રભુ ચરણે નમીરે લોલ.
દુઃખહર સુખકર કરમુજ મેહેરકે, લહેર અતી ઘણીરે લોલ;
તુજ પસાએ ગાવે આજ કે, મણીલાલ નીજ મતીરે લોલ. ધર્મ.
પ્રાંતીજ ધર્મ જીન મંડળીની છે વીનતી આ;
કરત યુગલે પ્રણમે તુજ વળી વળી આ. ધર્મ.

૪૭

આરતી બરવા પીલુ (એ રાગ)

જય જય આરતી આદી જીણંદા;
નાભીરાયા મરૂ દેવીકા નંદા. જય જય.
પહેલી આરતી પુજા કીજે;
નરભવ પામીને લાવો લીજે. જય જય.
દુસરી આરતી દીન દયાળ;

ધુળવ મંડપમાં જમ અજ વાજ્યાં. જય જય.
તીસરી આરતી ત્રીભુવન દેવા;
સુરીનર ઇંદ્ર કરે તારી સેવા. જય જય.
ચોથી આરતી ચઉદસ ચુરે;
મન વંછીત ફળ શીવ સુખ પુરે. જય જય.
પાંચમી આરતી પુન્ય ઉપાયં;
મુળચંદજી કહે રીખવ ગુણગાયા. જય જય.

૪૮

મંગળ દીવો.

ચારો મંગળ ચાર, આજ માહારે. ચારો.
દેખ્યો દરસ સરસ જીનજીકો, સોભા સુંદર સાર. આજ.
છીનું છીનું છીનું મનમોહન ચરચો ઘસી કેસર ઘનસાર. આ.
વિવિધ જાતીકે પુષ્પ મંગ.વો, મોઘરો લાલ ગુલાલ. આજ.
ધુપ ઉખેવો ને કરો આરતી, મુખ બોલો જયકાર. આજ.
હર્ષ ધરી આદેશ્વર પુજો, ચોમુખ પ્રતીમા ચાર. આજ.
હેતે ધરી ભાવે ભાવના ભાવો, જિમ પામો ભવપાર. આજ.
જીવણલાલ સેવક જીનજીકો, આનંદ ઘન ઉપકાર. આજ,

સમાપ્ત.

એગાઉથી મદદ આપનાર ગ્રાહકોનાં નામ.

પ્રાંતીજ.

૨૫ શા. પોચીલાલ ડુંગરશી	૨૫ શા. મણીલાલ મુલચંદ
૧૫ શા. ડાહ્યાલાલ દલપતરામ	૧૫ શા. મગનલાલ ગોવરધનદાસ
૫ શા. કંકુચંદ ગીરધરદાસ	૫ શા. ગોવીંદજી સુરચંદ
૫ શા. પ્રભુદાસ રામચંદ	૧ શા. કાળીદાસ કંકુચંદ
૫ શા. કેસરલાલ દલપતરામ	૧ સોની. કોદરલાલ કાળીદાસ
૧ સોની. લીલાચંદ ગલાબચંદ	૧ સોની. ચમનલાલ ગલાબચંદ
૧ સોની. પુંજીલાલ બહેચરદાસ	૧ સોની. માણેકલાલ કાળીદાસ
૧ સોની. દલસુખરામ લીલાચંદ	૧ સોની. નાપાલાલ વીરચંદ
૫ શા. જેએચંદ ગુલાબચંદ	૫ શેઠ. દમોદરદાસ પુજીરામ
૨ ફુડીઆ. અમીચંદ કંકુચંદ	૨ શા. દલસુખ મયાચંદ
૫૦૫ બુકસેલર. હીમતરામ રેવા સંકર જોશી ના. ૫૦૫)	૧ શેઠ. મથુરદાસ છગનલાલ
૩ સેઠ. પીતાંબરદાસ જેઠાભાઈ	૫ શા. ડાહ્યાલાલ જેઠાભાઈ
૧ શા. નેમચંદ જેચંદદાસ	૨ શા. કેસરલાલ અમથારામ
૫ સેઠ. ચુનીલાલ દામોદરભાઈ	૨ કોઠારી. જીવણલાલ લલુભાઈ
૧ શા. છોટાલાલ દેવચંદ	૧ શેઠ. ત્રીકમદાસ ત્રીભોવનદાસ
૧ શેઠ. જીવણલાલ છગનલાલ	૪ કંદોઈ. બબલ ગણેસ
૨ શા. ગણપતલાલ વખતચંદ	૨ શા. ડાહ્યાલાલ ગોરધરદાસ
૨ શા. જીવણલાલ રૂપચંદ	૧ શા. અમરતલાલ હમેચંદ
૨ સેઠ. ગણુપતરામ પીતાંબરદાસ	૧ સા. કેસવલાલ રામચંદ
૧ શા. મોહનलાલ દલુચંદ	૨ શા. મોતીલાલ રૂપચંદ

૨ શા. મણીલાલ નાગરદાસ	૧ શા. વ્રજલાલ દયારામ
૧ શા. રવચંદ પીતાંબરદાસ	૧ શા. મગનલાલ દયારામ
૨ શેઠ. દલસુખરામ અમથારામ	૧ શા. જીવરામ વીરચંદ
૧ શેઠ. રણછોડ સાંકળચંદદાસ	૧ શા. નેમચંદ ઉગરચંદ
૧ શા. ચકાલાલ ગોવીંદજી	૧ દેસાઇ. મણીલાલ હીમતલાલ
૨ શા. હરગોવનદાસ મુળચંદ	૨ કોઠારી. મનસુખરામ હકમચંદ
૩ શા. સાંકલચંદ દલીચંદ	૧ ભુલાભાઇ લલુભાઇ
૧ પંડયા. કેસવલાલ મનસુખરામ	૧૦ શા. રીખવદાસ રામચંદ
૨ સેઠ. કરમચંદ ઉગરચંદ	૨ શા. મગનલાલ ઘેહેલદાસ
૨ બારોટ. દમોદર હમીરભાઇ	૧ શા. ભગવાનદાસ ઉમેદરામ
૨ શા. જીવણલાલ સીવલાલ	૧ શા. સકરચંદ પ્રભુદાસ
૧ જોસી. દલસુખરામ જેઠાભાઇ ડોકટર	
૧ પરી. હીમતલાલ જીવણલાલ	૧ દેસાઇ. જીવણલાલ દલસુખભાઇ

પ્રાંતીજ ધર્મ જીનમંડળીના રકોલરો.

૧ શા. સોમચંદ તળજારામ	૧ શા. મણીલાલ મગનલાલ
૧ ફડીઆ. ચુનીલાલ દલસુખરામ	૧ શેઠ. સકરચંદ મોહનલાલ
૧ સેઠ. મણીલાલ હીમતરામ	૧ સેઠ. છોટાલાલ મગનલાલ
૧ દેસાઇ. છોટાલાલ મનસુખરામ	૧ શા. મગન પ્રભુદાસ
૧ શેઠ. મંગળદાસ મુળચંદ	૧ શા. જેચંદ કાળીદાસ
૧ સા. વાડીલાલ મનસુખરામ	૧ શા. કેસવલાલ લલુભાઇ
૧ શા. ફુલચંદ લલુભાઇ	૧ કોઠારી. મણીલાલ મગનલાલ
૧ શા. મણીલાલ હેમચંદ	૧ શા. વાડીલાલ ડાહ્યાલાલ
૧ શેઠ. વાડીલાલ હીંમત	૧ સેઠ. વાડીલાલ મગન
૧ સેઠ. કેસવલાલ હીમતલાલ	૧ સોની મુળચંદ લલુ
૧ કોઠારી છગન ગુલાબચંદ	

અમદાવાદ.

૫ શા. મણીલાલ છગનલાલ પ્રાંતીજ બાબુ કારકુન

૧૪ માણસા.

શા. નથુભાઈ બહેચરદાસની મારફતે

૧ શા. નથુભાઈ બહેચરદાસ ૧ શા. મ.ણેકચંદ જેઠેચંદ
૧ શા. મણીલાલ લલુભાઈ ૧ શા. ચુનીલાલ સાંકળચંદ
૧ શા. ચુનીલાલ વાહાલચંદ ૧ શા. કંકુચંદ મગનલાલ
૧ શા. કાલીદાસ જેઠીરામ ૧ શા. પોપટલાલ ખુસાલદાસ
૧ સા. હાથીભાઈ મુળચંદદાસ ૧ શા. મણીલાલ અમથાલાલ
૧ શા. જેઠીરામ રવચંદ ૧ શા. મણીલાલ ગોપાળદાસ
૧ શા. વાડીલાલ નાનચંદ ૧ શા. દલીચંદ લાલચંદ

ઓરણ.

૫ શા. હરજીવનદાસ છગનલાલ ૫ શા. છગનલાલ કેવળદાસ

વાઘપુર.

૨ સા. મણીલાલ કેવળદાસ ૨ શા. વેણીલાલ નાનચંદ
૨ દેસાઈ હીરાલાલ મલુકચંદ ૨ શા. સુરચંદ ગલાબચંદ
૧ શા. કેસવલાલ વખતચંદ ૧ શા. મુળચંદ ઉમરચંદ
૧ શા. માહાસુખ ફતેચંદ ૧ ભાવસાર મનસુખ બહેલાભાઈ
૧ શા. અમથાલાલ દીપચંદ

સોહરા.

રૂ૧ પ્રાંતીજવાળા શેઠ. ચુનીલાલ દામોદરદાસની મારફતે.
૪ સા. જીવરાજ કુબેરદાસ ૨ શા. ખેમચંદ જીવરાજ

૨ શા. જેચંદ ખેમચંદ
૧ શા. દલીચંદ સખીચંદ
૧ શા. ઘહેલભાઇ દલીચંદ
૧ શા. સરૂપચંદ હાથીભાઇ તેઃલી

આજોલ.

૨ શા. પાનાચંદ ડુંગરશી
૧ શા. ઘહેલભાઈ પાનાચંદ
૧ શા. સરૂપચંદ ધરમચંદ
૧ શા. ગુલાબભાઇ બાદરભાઇ

ઇડર.

૧ શા. પદમસી ગુલાબચંદ
૧ શા. ચુનીલાલ મોતીસા
૧ સોની. છગનલાલ ગુલાબચંદ
૧ ગાંધી. મણીલાલ ગીરધરદાસ
૧ ગાંધી. ચકુ ગીરધરદાસ

સાંપડ.

૧ શા. પીતાંબર હાંસરાજ
૧ જોઇતારામ પરસોતમ
૧ શા. કાલીદાસ તુળજારામ

રણાસણ.

૩ ચુનીલાલની મારફત
૫ શા. નથુભાઇ પ્રેમચંદ
૨ શા. ગલાબચંદ સરૂપચંદ
૧ શા. મગનલાલ કુબેરદાસ

સંગપુર.

૧ સેઠ બહેચર ડુંગરશી

અહુવડી.

૧ શા. નથુભાઇ મોતીચંદ
૨ શા. અમથાલાલ ગુલાબચંદ
૨ શા. બાપાલચંદ ખામચંદ

સલાલ.

૧ શા. જેઠીરામ સંકરદાસ

વરસોડા.

૧ શા. મલુકચંદ ઝવેરદાસ

૧ શા. ચુનીલાલ ગુલાબચંદ — જડાસી.

૧ શા. ઉમરચંદ ધરમચંદ — પીરાંનું બઠવાસુ.

૧ શા. અમ્રતલાલ વૃજલાલ — ધારીસણા.

પોગળું.

૧ ગાંધી. મગનલાલ ફતેચંદ — ૧ ગાંધી. લલુ ઉગરચંદ

૧ શા. ડુંગરશી ચીકાભાઈ — લીંબલા.

લાકરોડું.

૨ શા. લલુ જેઠીરામ — ૨ શા. પ્રેમચંદ લીલાચંદ

ધડકણ.

૧ શા. છોટાલાલ મુળચંદ — ૧ માસ્તર. મગનલાલ રવચંદ

સારસા તાલુકે આણુંદ.

૫ માસ્તર જેઠાભાઇ નરોતમદાસ.

૨ શા. મોહનલાલ ડોસલચંદ — મેઉ.

દેહેલવાડ.

દેસાઇ મણીલાલ હીમતભાઇની મારફતે

૧ શા. લાલચંદ નથુભાઈ — ૧ શા. બહેચર હરીભાઇ

૧ શા. અમથાલાલ સરૂપચંદ — ૧ શા. કચરચંદ વીરચંદ

૧ શા. કાલીદાસ લીલાચંદ — ૧ શા. પોપટ બાઇચંદ

આગલોડ.

૧ સા. ચુનીલાલ દલીચંદ — ૧ સેઠ. મોહનલાલ કાળીદાસ

૧ સેઠ. સખારામ ભોલાભાઇ — ૧ શા. નગીનદાસ માણેકચંદ

૧ રા. રા. ચુનીલાલ હરીચંદ — ૧ માસ્તર. ચુનીલાલ બાદરભાઇ

૧ વોહોરા. દલીચંદ અમુલખ — ૧ વોહોરા, ડોસલભાઇબહેચરદાસ

દેલવાડા.

૧ શા. હાથીભાઇ ગલાભચંદ ૧ શા. કંકુચંદ કપુરચંદ

સમઉ.

૧ શા. જેઠાલાલ ગટાભાઇ ૧ શા. મોહનલાલ મુળચંદ
૧ શા. દલસુખ ઓપચંદ ૧ શ્રી સરફ જૈનશાળા
૧ શા. જોઇતારામ જીવરાજ ૧ શામલાભાઇ તારાચંદ
૧ શા. મુળચંદ દલસુખ

ઇડર અહમદનગર.

૧ કંદોઇ. ભીખાલાલ ગુલાબચંદ ૧ કંદોઇ કાલીદાસ મયાચંદ
૧ શા. પોચીલાલ કાળીદાસ ૪ શા. તારાચંદ ઉમેદચંદ
૧ મહેતા. છગનલાલ જેઠીરામ ૧ વખારીઆ. રાજમલ દેવચંદ

બાલીસણા.

૧ શા. જેઠીરામ સીવલાલ

છાળા.

૧ શા. ટોકળશી પુંજીરામ

મગોડી.

૫ શા. શવચંદ પ્રેમચંદ

વીજાપુર.

૧ દેસાઇ ડાહાભાઇ નથુભાઇ ૧ શા. વાડીલાલ ફુલચંદ

સાદરા કેમ્પ.

૫ વકીલ ફ્તેહભાઇ રામચંદ વકીલ. છોટાલાલ લલુભાઇ પરી.

જાહેર ખબર.

આ પુસ્તક જે સાહેબોને ખરીદવા ઇચ્છા હોય તે સાહેબોએ નીચે લખેલા ઠેકાણેથી મંગાવવું ને બીજો ભાગ પણ થોડા દીવસમાં બાહાર પાડવાનું છે માટે તે પણ જે સાહેબોને લેવા ઇચ્છા હોય તેમણે તાકીદે નામ નોંધાવા મંડળીને લખવું.

દેશાવરના ગ્રાહકોને ટપાલ મારફતે મોકલવામાં આવશે નોટપેટ કાગળ લેવામાં નહી આવે.

આ પુસ્તક મળવાના ઠેકાણું.

પ્રાંતીજ—ધર્મ જૈન મંડળી પાસેથી મળશે.

બુકસેલર જોશી હીમતલાલ રેવાશંકર

મુ. પ્રાંતીજ